शिशुविहार
75
स्वराज की शाला - शिशुविहार
स्थापना १९३१
२०२१-२०२२
स्वातंत्र्य - अमृत महोत्सव

# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૩૧ • ૧૫ ડિસેમ્બર ૨૦૨૨ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦

## ડૉ. નિર્મળભાઈ ન્યાલચંદ વકીલ વૃદ્ધજન સન્માન સમારંભ




વિદ્યાનિધિ ટ્રસ્ટ ગુજરાત વિભાગનાં અધ્યક્ષા તથા જાણીતા તત્વ ચિંતક સ્વામિની સુલભાનંદાજીની અધ્યક્ષતામાં ૩૧મો વડીલ વંદના કાર્યક્રમ તા.૫ નવેમ્બરે શિશુવિહાર પ્રાંગણમાં યોજાઈ ગયો. ભાવનગરની સેવા સંસ્થા શિશુવિહારના આજીવન પ્રમુખશ્રી તેમજ રેડક્રોસ અને સેન્ટ જહોન ઍમ્બ્યુલન્સ ઍસોસિએશન ભાવનગર સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી ડૉ. નિર્મળભાઈ ન્યાલચંદ વકીલની પુણ્ય સ્મૃતિમાં ૧૫૦ વડીલોની વય વંદના કરવામાં આવી. આ પ્રસંગે પૂર્વ નોંધણીથી ઉપસ્થિત તમામ વડીલોને પુસ્તક સંપુટ, ઍક્યુપ્રેશર મશીન તેમજ રૂમાલ, અગરબત્તી પ્રકારે વૃદ્ધાવસ્થામાં ઉપયોગી સાધનો ભેટ સ્વરૂપે આપી સહુનું ચા-નાસ્તા બાદ ચંદન તિલકથી અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ ઉપક્રમે શિક્ષણવિદ્ શ્રી મગનભાઈ પટેલ, બાળકેળવણીકાર શ્રી નીતિનભાઈ પંચોળી તથા સામાજિક કાર્યકર તથા શિક્ષક શ્રી અરુણભાઈ જાનીનું વિશેષ અભિવાદન મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે થયું. ૮૦ વર્ષ પછી પણ જીવન પ્રત્યે હકારાત્મક રહીને સક્રિય સમાજ સેવા સાથે જોડાયેલ મહાનુભાવોનું અભિવાદન સૌ માટે પ્રેરણાદાઈ બન્યું.

તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ




પ્રકાશન સ્થળ

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧
Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com
Facebook: Shishuvihar Bhavnagar Phone: (0278)2512850



શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ નૂતનવર્ષ સમારોહ પ્રસંગે અધ્યક્ષીય વિચાર પ્રેરતા સ્વામિની શ્રી સુલભાનંદાજી દ્વારા વડીલોને 'વૃદ્ધાવસ્થા અને કુટુંબ જીવન આનંદ જીવન' તથા સ્વસ્થ જીવનનું બહુમૂલ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું. શિશુવિહાર સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈએ ભાવનગરના લોકસેવક પૂજ્ય માનભાઈએ શરૂ કરેલ વૃદ્ધાવસ્થાના પ્રસંગને યાદ કરતા કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી હતી તથા સહુનું સ્વાગત કરતા આશા વ્યક્ત કરી હતી કે આવા પ્રસંગોથી નવી અને જૂની પેઢીનો સમન્વય સમાજ ઉપયોગી બનશે.

આ ઉપક્રમે સંસ્થા પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ દવે દ્વારા આશીર્વચન સાથે કાર્યક્રમના સંચાલિક પ્રાધ્યાપિક શ્રી છાયાબહેન પારેખ તેમજ સંસ્થાના કાર્યકરોની ટીમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો. લાડુનાં ભોજન બાદ સંપન્ન થયેલ સમારોહમાં સંસ્થાના કાર્યકરશ્રી હીનાબહેન તથા અનિલભાઈના માર્ગદર્શન હેઠળ સંસ્થાનાં વિભાગીય કાર્યકરોએ ઉમદા સેવા આપી હતી.




કાર્યક્રમનું સંચાલન
ડૉ. છાયાબહેન પારેખ



સહભોજનનો આનંદ

## સન્માનિત શ્રી મગનભાઈ પટેલનું અભિવાદન




૮૫ વર્ષે પણ શિક્ષણ અને સેવા કાર્ય સાથે જોડાઈ સત્કર્મને જીવનમાં આચરતા શ્રી મગનભાઈ પટેલનું શિશુવિહાર દ્વારા અભિવાદન થયું. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલના નિવૃત્ત આચાર્ય અધ્યાત્મ માર્ગના રાહબર શ્રી મગનભાઈ આજીવન ખાદી વસ્ત્રમાં રહી સર્વોદય વિચારની તન, મન અને ધનથી સેવા કરતા રહ્યા છે. જીવન સંધ્યાનાં આખરી પડાવે સમાજ માટે પ્રેરણાદાયી શ્રી મગનભાઈ પટેલનું સ્વામિની શ્રી સુલભાનંદાજીએ વડીલ વંદના અંતર્ગત સન્માન કર્યું, જે ગુજરાતનાં અનેક વડીલો માટે પ્રેરણાદાયી બને છે.

## સન્માનિત શ્રી અરુણભાઈ જાનીનું અભિવાદન




ભાવનગર મહારાજા સ્થાપિત સ્ટેટ બેંક ઑફ સૌરાષ્ટ્રનાં ઝોનલ મેનેજર અને ૭૬ વર્ષની વયે પણ બેડમિન્ટન, કેરમ અને સ્વિમીંગમાં રાષ્ટ્રીય કક્ષાએ ભાવનગરનું નામ ઉજાગર કરનાર શ્રી અરુણભાઈ જાની ભારતીય સંસ્કૃતિના પ્રતિનિધિરૂપ બની સેવા અને શિક્ષણ ધર્મને હંમેશા અપનાવતા રહ્યા છે. સરળ અને મીતભાષી વ્યકિતત્વને લીધે તેઓ વિદેશોમાં ફરી ભારતીય પરંપરાઓ અને અધ્યાત્મભાવનો હંમેશા પ્રચાર કરતા રહ્યા છે. તદુપરાંત ભાવનગરની અનેક સેવા સંસ્થા ઉપરાંત સત્યસાંઈ આરોગ્ય ધામ અને સ્વામીનારાયણ મંદિરનાં પુસ્તકાલયમાં સેવાર્થી શ્રી અરુણભાઈ જાની નવી પેઢી માટે પ્રેરણારૂપ રહ્યા છે. સ્વામિનીશ્રી સુલભાનંદાજી દ્વારા તેમનું વિશેષ અભિવાદન તમામ વડીલો માટે પ્રેરણાદાઈ બને છે. સવિશેષ શિશુવિહાર શાળાના શિક્ષક તરીકે જીવનની કારકીર્દિ શરૂ કરનાર અને આજીવન લોકોપયોગી કાર્યો સાથે ઘસાઈને ઉજળાં થનાર શ્રી અરુણભાઈ સમાજ માટે અનુકરણીય બન્યા છે, જેનું ગૌરવ છે.

## સન્માનિત શ્રી નીતિનભાઈ પંચોળીનું અભિવાદન




મહાત્મા ગાંધીના ચિંતનથી પ્રેરિત શ્રી નીતિનભાઈ પંચોળી આજે ૭૮મા વર્ષે પણ દલિતો અને વંચિતોના શૈક્ષણિક વિકાસ માટે પ્રવૃત્ત છે. દાદા મનુભાઈ પંચોળી પાસે પી.ટી.સી. શિક્ષક તરીકે કેળવાયેલ ભાવનગર માટે ગૌરવ સમાન શ્રી નીતિનભાઈનું બાળવાર્તા અને બાળ પુસ્તકોનાં વિતરણમાં અનન્ય પ્રદાન રહ્યું છે. પૂજ્ય મોરારિબાપુના સાનિધ્યમાં ભાવનગર જેલમાં ગાંધી દર્શનને વિસ્તારનાર નીતિનભાઈ આજે ભાવનગર જિલ્લા પેન્શનર મંડળના પ્રમુખ સ્થાને સતત સક્રિય રહી સમાજ ઉપયોગી રહ્યા છે. ત્યારે સ્વ. શ્રી નિર્મળભાઈ વકીલ વડીલ વંદના અંતર્ગત શ્રી નીતિનભાઈનું અભિવાદન ભાવનગર માટે ગૌરવરૂપ

## સ્વામિનીશ્રી સુલભાનંદાજીનું પ્રેરક ઉદ્દબોધન



શિશુવિહારના સ્થાપક પૂ. માનભાઈને વંદન. તેઓ પોતાની કર્તવ્યનિષ્ઠા તરફ કઠોર હતા, પણ બીજા માટે કોમલ હૃદય ધરાવતા હતા. તેમણે સેવેલા સિદ્ધાંતોને આજે સંસ્થા મૂર્તિમંત સ્વરૂપ આપી રહી છે.

આજના કાર્યક્રમનું સૂચક શિર્ષક છે 'સ્વસ્થ વૃદ્ધત્વ'. સ્વસ્થ એટલે જે વાસ્તવિક સ્વરૂપમાં આંતર-બાહ્ય રીતે 'સ્વ'નું અવલોકન કરીને સ્થિર રહેતા હોય તે. જેમણે સંતોષકારક રીતે ગૃહસ્થધર્મ સંપન્ન કર્યો છે અને હવે વાનપ્રસ્થ આશ્રમમાં પ્રવેશ્યાં છે તેઓ સ્વસ્થ હશે, સમાજ અભિમૂખ હશે. ઈશ્વર ચિંતન કરતાં કરતાં બધા વળગણમાંથી મુક્ત હશે અને પોતાનાં કર્તવ્યો સમુચિત રીતે પૂરાં કરતાં હશે તેમને માનસિક શાંતિ અવશ્ય મળશે. તમારાં શરીર પર પડેલી કરચલીઓ અનુભવની મૂડી છે. વૃદ્ધત્વ એ જીવંતતાની સમૃદ્ધિની નિશાની છે. આજ જેમનું સન્માન થઈ રહ્યું છે તે સૌને વંદન.

આપ સૌને નિરંતર માનસિક પ્રસન્નતા મળે તે માટેના કેટલાક માર્ગો મારે સૂચવવા છે. (૧) પર્યાપ્ત ૮ કલાક ઊંઘ લેવી. રાત્રે વહેલાં નિદ્રાધીન થઈ જવું, જેથી સવારે વહેલા જાગી શકાય. ઉગતા શાંત સૂર્ય, બાળ રવિમાંથી મળતી ઉર્જા નવી શક્તિ અને ચેતના આપે છે. (૨) વયને અનુરૂપ નિયમિત હળવી કસરત કરવી. આવી ટેવથી શરીરના સાંધાઓમાં લવચિકતા આવશે (૩) દરરોજ ઓછામાં ઓછું ૧ કિ.મી. ચાલવું, મોટી ઉંમરે સ્વાદેન્દ્રિય વધુ સતેજ થાય છે. તેથી આહારમાં સંયમ રાખવો. નિશ્ચિત સમયે માપસર હળવો ખોરાક લેવો. (૫) જે કોઈ દવા લેવાની હોય તે ફ્રિજના ઠંડા પાણી સાથે નહીં, હૂંફાળા પાણી સાથે લેવી. (૬) મિત્રો સાથે હળવી ક્ષણો પસાર કરવી. કાળજી રાખીએ કે આપણા અહંકાર, અભિમાનનું પ્રગટીકરણ ન થાય. કોઈની ટીકા, નિંદા નહી. (૭) બાળકોને પૂરતો સમય આપો. એમનામાં જિજ્ઞાસાવૃતિ વિશેષ હોય છે. તેથી વાર્તા, કવિતા, સારાં અનુભવ-પ્રસંગો સંભળાવો. (૮) તમે જો બચત કરી હોય તો તે વાજબી વાપરવામાં કંજૂસાઈ કરો નહીં. કોઈના જન્મદિવસે ભેટ આપો. જરૂરિયાત ધરાવતાને મદદરૂપ થાઓ. (૯) તમે વડીલ છો પણ પરિવાર સમક્ષ ક્યારેય વડીલપણું દર્શાવો નહીં અને કોઈને સામેથી સલાહ ન આપો તેથી સન્માન જળવાશે. (૧૦) જીવનસાથી પતિ/પત્ની સાથે પર્યાપ્ત સમય વ્યતીત કરો.

આપ સહુ વડીલો આટલી મોટી સંખ્યામાં સતત ૩૦ વર્ષથી એકત્ર થતા રહો છો ત્યારે અંતમાં કહીશ, મિત્રો વૃદ્ધાવસ્થા એ જીવનના અંતિમ પડાવનું સૌંદર્ય છે, જે બહાર નહીં, પણ નિજી મનબુદ્ધિ અને સ્વની સમજમાં ખીલે છે, ત્યારે આ સૌંદર્યને તમે સ્વયં અનુભવો તેવી અભ્યર્થના. વડીલ વંદના થકી શિશુવિહાર નવી-જૂની પેઢીના સમન્વયનું કાર્ય સતત ૩૧ વર્ષથી કરે છે, જે સમગ્ર સમાજ માટે પ્રેરણાદાઈ બને છે. સહુને ધન્યવાદ પ્રણામ. હરિ ઓમ.

-સંકલન: શ્રી પ્રવીણચંદ્ર ઠક્કર

# શિશુવિહાર બાલભવન







નેશનલ બાલભવન દિલ્હી ખાતે ૧૩૩મી નેહરુજીની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકીકરણ શિબિર તા.૧૪ થી ૧૬ નવેમ્બર ૨૦૨૨ દરમિયાન યોજવામાં આવેલ 'સશક્ત ભારત' વિષયે આયોજિત કાર્યક્રમમાં ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ તરીકે શહેરની જાણીતી બાળ વિકાસ સંસ્થા શિશુવિહારથી કરણ ઠાકોર, યશ પરમાર, દેવ ડાભી તથા વૈભવ મકવાણાએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને ક્રાફ્ટ, ગેમ ઝોન, ડાન્સ, ક્વિઝ, ચિત્ર જેવી પ્રવૃત્તિમાં સમગ્ર દેશના બાળકો વચ્ચે પુરસ્કાર મેળવ્યો હતો. સવિશેષ શિશુવિહાર બાલભવનના વિદ્યાર્થીઓ અને ત્રણ શિક્ષકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌરાષ્ટ્રની ઓળખ રજૂ કરતા કાર્યક્રમો પ્રદર્શિત કરી દેશભરમાં ભાવનગરનું નામ ઉજાગર કરેલ. શિબિરાર્થી તરીકે વિદ્યાર્થીઓને દિલ્હી દર્શનનો લાભ મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંકલન તાલીમી શિક્ષક શ્રી કમલેશભાઈ વેગડ, શ્રી હીનાબહેન ભટ્ટ તથા શ્રી પ્રીતિબહેન ભટ્ટનાં માર્ગદર્શન હેઠળ યોજાયું હતું.



## શ્રી રસુબહેન પ્રેમશંકરભાઈ ભટ્ટ બાળકેળવણી કેન્દ્ર ઉપક્રમે
# બાળશિક્ષક તાલીમ




શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર શિશુવિહારનાં ઉપક્રમે જાગૃત વાલી પ્રવૃત્તિ અંતર્ગત દિવાળીના વેકેશન દરમિયાન વાલીઓ માટે તારીખ ૧ થી ૧૨ નવેમ્બર સુધી બાલ ઉછેર વિશે તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો.

સ્વ. શ્રી રસુબહેન પ્રેમશંકરભાઈ ભટ્ટ બાળ કેળવણી તાલીમ અંતર્ગત શિશુવિહાર ક્રીડાંગણ અને બાલમંદિરના વાલીઓ માટેના આ કાર્યક્રમમાં ૩૯ વાલીઓ તેમજ બાળકોએ ભાગ લીધો હતો. પપેટ્સ ઉપયોગ, બાળનાટક, બાળવાર્તા, ક્રાફટ તેમજ અભિનય ગીત વિષયે લગતા કાર્યક્રમો દ્વારા સ્વસ્થ બાળ ઉછેરમાં મા-બાપની ભૂમિકા અંગે પ્રત્યક્ષ અને પરોક્ષ કાર્યથી વાલીઓ માહિતગાર કર્યા હતા. સર્વશ્રી પ્રવીણાબહેન બારભાયા, ધૈર્યભાઈ વ્યાસ, ધ્રુતિબહેન વ્યાસ, પ્રીતિબહેન ભટ્ટ તેમજ કમલાબહેન બોરીચાનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ શિબિરના અંતે વાલીઓને ભાવનગર રાજવી કુટુંબની પ્રેરક ઉપસ્થિતિમાં પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. નિયમિત રીતે અપાતા પોષક આહારને સાંકળી બાળકો સાથે રહી યોજાયેલ ગ્રીષ્મ તાલીમ વર્ગનું સંકલન એક નવો


બાળનાટક તાલીમ


ક્રા:ટ તાલીમ

# શિશુવિહાર પરિવાર સાથે જન્મદિવસ ઉજવતા રાજવી પરિવાર



ભાવનગરના રાજવી પરિવારના સદસ્ય શ્રી ઈન્દ્રરાજસિંહ ચુડાસમાએ પોતાનો ૩૦મો જન્મદિવસ શિશુવિહાર પરિવાર સાથે ઉજવ્યો. નીલમબાગ પેલેસ ભાવનગરના અતિથિ અને ખાસ લંડનથી પધારેલ શ્રી ઈન્દ્રરાજસિંહ ચુડાસમાએ ક્રીડાંગણના વિદ્યાર્થીઓના વિશિષ્ટ સ્વાગત સાથે ભાવનગર મહારાજા કૃષ્ણકુમારસિંહજીની યાદોને નિહાળી હતી. તેઓશ્રીએ દિવાળીના વેકેશન દરમિયાન યોજાયેલ વિવિધ તાલીમમાં ઉત્તમ દેખાવ કરનાર સ્કાઉટ વિદ્યાર્થીઓ તથા બાળ ઉછેરની વૈજ્ઞાનિક તાલીમ લેનાર વાલીઓને પુરસ્કૃત કર્યા હતા. સાથોસાથ ક્રીડાંગણનાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત વ્યાયામ અને આપત્તિ નિવારણનું નિદર્શન નિહાળ્યું હતું. આ પ્રસંગે રાજવી પરિવારે શિશુવિહારના ૨૦૦ બાળકોને સ્કૂલબેગ અને ભોજન આપીને પોતાનો જન્મદિવસ યાદગાર બનાવ્યો હતો. ભાવનગર મહારાજા કૃષ્ણકુમારસિંહજીની વિચાર યાત્રાને ૮૪ વર્ષે કાર્યરત રાખનાર શિશુવિહાર પ્રાંગણમાં પોતાનો જન્મદિવસ ઉજવનાર રાજવી પરિવારને અભિનંદન





## આદરણીય મોરારિબાપુના વરદ હસ્તે નગરપાલિકાની શાળાઓનાં બાળકોને

# સ્કૂલ કીટ વિતરણ તથા બાળ પુસ્તકાલય અર્પણ



સ્વ. શ્રી રસિકભાઈ હેમાણીની સહાયથી વર્ષ ૨૦૧૦થી પ્રારંભાયેલ બાળ પુસ્તકાલય પ્રવૃત્તિ હેઠળ નગરપાલિકાની તમામ પ્રાથમિક શાળાઓમાં પ્રતિવર્ષ ૧૦૦ પુસ્તકો અને સામયિકોનું વિતરણ કરવામાં આવે છે. તેમ દરિયાકાંઠાનાં ૨૪ ગામડાંઓની પ્રાથમિક શાળાઓમાં આરોગ્ય તપાસ શિબિર વેળાએ શાળાના આચાર્યશ્રીને શિશુવિહાર બાળપુસ્તકાલય વિભાગ બાળકો અને શિક્ષકોનું વાંચન સમૃદ્ધ કરતા પુસ્તકો અર્પણ કરે છે. છેલ્લા ૧૨ વર્ષ દરમિયાન ૭૮ શાળા પુસ્તકાલયમાં ૯૩,૬૦૦ પુસ્તકો મૂકનાર શિશુવિહાર બાળ પુસ્તકાલય દ્વારા ચેરમેન શ્રી શિક્ષણ સમિતિનું આદરણીય મોરારિબાપુના વરદ હસ્તે પુસ્તક સંપુટથી અભિવાદન થયું. બાળ પુસ્તકાલયના વિતરણ બાદ પુસ્તકોના વિષય વસ્તુ આધારે યોજાતી ચિત્ર સ્પર્ધા, વાર્તા કથન અને બાળકોએ દોરેલા ચિત્રોનાં કેલેન્ડર તૈયાર થતાં રહે છે, જે સંસ્થાની બાળ પુસ્તકાલય પ્રવૃત્તિની આગવી ઓળખ બને છે.

બાળ કેળવણી સાથે જોડાયેલ શિક્ષકો, શૈક્ષણિક કાર્ય ઉપરાંત પોતાના સામાજિક ઉત્તરદાયિત્વ પ્રત્યે જાગૃત રહે તે હેતુસર વર્ષ ૨૦૧૧થી નગરપાલિકાની શાળામાં ભણતા ૧૭૦૦ જરૂરિયાતમંદ બાળકોને સ્કૂલ કીટ વિતરણનું કાર્ય નિયમિત રીતે ચાલે છે. શાળાનાં પ્રારંભ સાથે જ વર્ગ શિક્ષક, અન્ય રીતે સહાય ન મેળવી શકતા ગરીબ બાળકોને શિશુવિહારમાં મોકલે અને પ્રત્યેક બાળકને સ્કૂલ બેગ, કંપાસ સેટ, વોટર બોટલ અને માપ



પ્રમાણે દીકરા-દીકરીઓને શુઝનું વિતરણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૨ના શૈક્ષણિક સત્ર પ્રારંભે સ્વામિનારાયણ કુંડળધામનાં પરમાધ્યક્ષ સ્વામીશ્રી જ્ઞાન જીવનદાસજી મહારાજની રૂ.૧૧ લાખની સન્માનિત રાશિમાંથી શૈક્ષણિક સાધનોનું વિતરણ થયું. આદરણીય મોરારિબાપુના વરદ હસ્તે શાસનાધિકારીશ્રીનું સ્કૂલ કીટથી અભિવાદન થયું.

## શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દર્દીઓની આંખ તપાસ માટે Auto refractometerની ભેટ



દર્દી દેવો ભવ:ના શુભ સંકલ્પથી પ્રવૃત્ત શિશુવિહાર સંસ્થાને વર્ષ ૨૦૧૭માં શ્રી સુધાબહેન શાહનાં વરદ હસ્તે keratometerની ભેટ મળી અને સંસ્થાનાં સેવાભાવી કાર્યકરો દ્વારા વયસ્કો માટે ૩૩૫ શિબિરો, નગરપાલિકાની શાળામાં ભણતાં બાળકોની આંખ તપાસ માટે ૭૯૬ શિબિરો તથા ૮૮ ગ્રામ શિબિરો થકી ૯૨,૩૨૩ દર્દીઓની આંખ તપાસ અને જરૂરિયાત અનુસાર ચશ્માં વિતરણ થયું છે. આદરણીય મોરારિબાપુની નિશ્રામાં ફરી શ્રી જતીનભાઈ કનુભાઈ શાહ

દ્વારા Auto refractometer (આંખ તપાસનાં આધુનિક મશીન) ની ભેટ મળી છે, જે અભિવાદનને પાત્ર રહ્યું. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનો શિશુવિહાર સંસ્થા આભાર માને છે.

## માતૃભાષા સંવર્ધન માટે
## સ્વ. શ્રી અનિલભાઈ શ્રીધરાણી પરિવાર દ્વારા અનુદાન




ગુજરાતી ભાષાની જાળવણી માટે સદૈવ આગ્રહી અને એક સારા વાચક સ્વ. અનિલભાઈ શ્રીધરાણી પરિવાર દ્વારા વર્ષ ૨૦૨૩થી ‘માતૃભાષા સંવર્ધન પુરસ્કાર’ એનાયત થશે. શિશુવિહાર પ્રાંગણમાં વર્ષ ૨૦૧૮થી યોજાતા સન્માન સમારોહ અંતર્ગત ડૉ. ઉમાકાંતભાઈ રાજ્યગુરુ (તળાજા), ડૉ. નિખિલભાઈ દેસાઈ (વડોદરા),ડૉ. નિરંજનભાઈ રાજ્યગુરુ (રાજકોટ) તથા શ્રી ઉદયભાઈ દેસાઈ (અમરેલી)ની માતૃભાષા ખેવનાની વંદના કરવામાં આવી છે. શિક્ષણ અને સેવાનાં સંસ્કારોથી શોભિત ભાવનગરથી યોજાતા આ ઉપક્રમને ટેકો કરનાર ડૉ. રાહુલ શ્રીધરાણીને આદરણીય મોરારિબાપુએ આવકારેલ.

• માનદાદાનું જીવન એટલે વેદ અને લોકનાં બે કિનારા વચ્ચે વહેતું ફકીરનું જીવન. ગીતાના યજ્ઞોને ચરિતાર્થ કરતો હાલતો ચાલતો પુણ્ય શ્લોક એટલે માનદાદા. સમાજે કોઈને ચમત્કારથી સંતનું બિરુદ નથી આપ્યું, એનાં ચરિત્રથી સન્માન આપ્યું છે. આવા ચરિત્રવાન સંત એટલે માનદાદા.

–મોરારિબાપુ

# શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ




• સુમિટોમો કેમિકલ્સ ઈન્ડિયા લિમિટેડના ડી.જી.એમ. એચ.આર. શ્રી સતિષભાઈ મહેતા તથા તેમના ધર્મપત્ની શ્રી હર્ષાબહેન મહેતા દ્વારા ૧૨ નવેમ્બરે વાનાણી હૉલમાં સંગીત અને સ્નેહભોજનનો કાર્યક્રમ યોજાયો. જેમાં ઉપસ્થિત ૧૫૦થી વધુ સ્નેહીજનોને શિશુવિહારની પ્રવૃત્તિઓથી અવગત કરવામાં આવેલ.

• શ્રી પુનિતભાઈ અંધારિયાના દિગ્દર્શન હેઠળ ૫૧મો 'મેરે સુર મેરે ગીત' કાર્યક્રમ ૧૩ નવેમ્બરે રંગમંચ પ્રસ્તુતિ પામ્યો. કરાઓકે ઉપરનાં જૂનાં હિન્દી ફિલ્મોનાં ગીતોને માણવા માટે ૨૦૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.






• શ્રી ભાવનગર મોચી જ્ઞાતિ પંચ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવાનો વિશિષ્ટ સમારોહ સંસ્થાના સર્વાંગી ભવનમાં યોજાઈ ગયો. આ પ્રસંગે ધોરણ ૧ થી અનુસ્નાતક કક્ષા સુધીના ૫૪૦ વિદ્યાર્થીઓને સંસ્થાના હોદ્દેદારોના વરદહસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રતિવર્ષ વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસને બિરદાવતા જ્ઞાતિજનો અભિનંદનને પાત્ર છે.




• વર્ષ ૨૦૧૭ માં રૂ.૬૭ લાખના અનુદાનથી શિશુવિહાર સંસ્થામાં ફિઝિયોથેરાપી ફિટનેસ સેન્ટરની પ્રવૃત્તિ સ્થાપિત કરનાર શ્રીમતી સૂરબાળાબહેન ઈન્દ્રવદનભાઈ શેઠ તથા શ્રીમતી લીલાબહેન કનૈયાલાલ શેઠ પરિવારના કુટુંબીજનો શ્રી માનસીબહેન અને અપૂર્વભાઈ શેઠ તારીખ ૧૮ નવેમ્બરે ખાસ મુંબઈથી શિશુવિહારની મુલાકાતે પધાર્યા હતા. તેમજ અત્યંત સ્નેહ અને વિનમ્ર ભાવે સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર થયા હતા. શિશુવિહાર પ્રાંગણમાં તૈયાર થયેલ શ્રી શેઠ પરિવારન વેલનેસ સેન્ટરમાં પ્રતિવર્ષ લગભગ ૩૭૦૦ દર્દીઓ લાભાન્વિત થાય છે. તે પ્રત્યક્ષ જોતા દાતા પરિવારજનોએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી અને ફિઝિયોથેરાપી ફિટનેસ સેન્ટર માટે રૂ.૫૦,૦૦૦/-નું અનુદાન આપ્યું હતું.






• પ્રશાંતભાઈ ભટ્ટના સંયોજન સાથે સૂર સંગમ આયોજિત સપ્તસૂરી સંધ્યાનો ૬૪મો ફિલ્મી ગીતોનો કાર્યક્રમ ૨૦ નવેમ્બરે પ્રસ્તુતી પામ્યો. ભારતીય સિનેમાની ચિર સ્મરણીય યાદોને તાજા કરતા ગીતોને સાંભળવા માટે ૩૫૦થી વધુ સંગીત પ્રેમીઓ પધાર્યા હતા અને કાર્યક્રમને માણ્યો હતો

• ભાવનગરના ગૌરવ સમાન નટરાજ કલા સંસ્થાનો ૧૩૭મો 'એક સાંજ આપની સાથે' (જૂના હિન્દી ફિલ્મી ગીતોનો)કાર્યક્રમ સંસ્થા રંગમંચ ઉપર યોજાઈ ગયો. ૪૦૦થી વધુ શ્રોતાઓએ ઢળતી સાંજની ઠંડક સાથે સંગીતની લાઈવ પ્રસ્તુતી માણી હતી.






• સૌરાષ્ટ્રના જૂનાગઢ ખાતે ભવનાથ તળેટીમાં લીલી પરિક્રમામાં આવતા ૪ લાખથી વધુ શ્રદ્ધાળુઓ માટે ૧૫૦૦૦થી વધુ કાપડ થેલીનું વિતરણ કરવામાં આવ્યું. 'સ્વચ્છતા ભારત અભિયાન' અંતર્ગત ગિરનારની પરિક્રમા માટે શિશુવિહાર સીવણ વર્ગની બહેનો દ્વારા તૈયાર થયેલ ૧૫૦૦૦થી વધુ કાપડની થેલીનાં વિતરણને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ તથા સાધુ સંતોએ આવકારદાઇ ગણાવ્યું હતું. દેવ દિવાળીના બીજા દિવસથી શરૂ થયેલ લીલી પરિક્રમામાં શ્રદ્ધાળુઓ યાત્રા દરમિયાનની ભોજન સામગ્રી પ્લાસ્ટિક બેગમાં સાથે લઈ જઈને દર વર્ષે ૨ ટનથી વધુ પ્લાસ્ટિક જંગલમાં વેરે છે. આથી પર્યાવરણને નુકસાન પહોંચતુ હોય છે. જેને ધ્યાનમાં રાખી ગીર જંગલમાં વન સંરક્ષણ અને વન્ય પ્રાણીઓના સ્વાસ્થ્ય માટે કાર્યરત Wildlife conservation ના સહયોગથી આ વર્ષે શ્રદ્ધાળુઓને પ્લાસ્ટિક બેગની જગ્યાએ શિશુવિહારની શ્રમિક બહેનોએ તૈયાર કરેલ ૨૦ ઈંચ × ૧૪ ઈંચની કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેને પરિક્રમાના યાત્રાળુએ સહર્ષ સ્વીકાર્યુ હતું.

(સૌજન્ય: ફૂલછાબ, રાજકોટ)

## CSR અંર્તગત
## વાઘ બકરી ફાઉન્ડેશન, અમદાવાદનાં સૌજન્યથી
## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત
## પ્રાથમિક શાળાઓમાં સ્વાસ્થ્ય શિબિર

| શિબિર ક્રમાંક | નવેમ્બર તારીખ | શાળા નંબર અને વિસ્તાર | આંખ તપાસ | હીમોગ્લોબિન તપાસ | સ્વાસ્થ્ય તપાસ |
|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૬ | ૨૨- મહિલા કોલેજ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૧૧ | ૧૭ | ૨૦- મહિલા કોલેજ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૧૨ | ૧૮ | ૨૮- રસાલા કેમ્પ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૧૩ | ૧૯ | ૨૪- સુભાષનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૧૪ | ૨૨ | ૩૦- નવાપરા | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૧૫ | ૨૩ | ૭૨- ભરતનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૧૬ | ૨૪ | ૬૮- ગૌશાળા | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૧૭ | ૨૮ | ૬૭- અખિલેશ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૧૮ | ૨૯ | ૭૩- સરદારનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| | | (કુલ ૧૦૮૦) | ૩૬૦ | ૩૬૦ | ૩૬૦ |






સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

WAGH BAKRI FOUNDATION

## CSR અંતર્ગત
## વાઘ બકરી ફાઉન્ડેશન, અમદાવાદનાં સૌજન્યથી
# પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સારવાર-આપત્તિ નિવારણ તાલીમ

| શિબિર ક્રમાંક | નવેમ્બર તારીખ | શાળાનું નામ | તાલીમાર્થી સંખ્યા |
|---|---|---|---|
| ૨૧૭ (૨૪) | ૧૨ | શ્રી આર.કે. ઘરશાળા | ૧૫૦ |
| ૨૧૮ (૨૫) | ૧૬ | શ્રી આર.કે. ઘરશાળા | ૧૫૦ |
| ૨૧૯ (૨૬) | ૨૨ | શ્રી અક્વાડા કેન્દ્રવર્તી | ૩૪૦ |
| ૨૨૦ (૨૭) | ૨૩ | શ્રી ઘનશ્યામનગર શાળા | ૩૩૫ |
| | | કુલ | ૯૭૫ |




સંચાલક: શ્રી હરેશભાઈ ભટ્ટ

# કાંઠા વિસ્તારનાં ગામડાંઓ માટે આરોગ્ય શિબિર




ભાવનગરનાં ખાડી વિસ્તારનાં અત્યંત પછાત ગામડાંઓમાં ગ્રામજનોનાં આરોગ્યની કાળજી લેતી નિરમા ઈન્ડસ્ટ્રિઝના સહયોગથી નવેમ્બર માસમાં (ગામ) ભડભીડમાં આરોગ્ય શિબિર યોજાયેલ, જેમાં ૨૬૨ દર્દીઓને નિદાન તેમજ જરૂરી દવા અને સારવાર આપવામાં આવી.

નવેમ્બર માસમાં યોજાયેલ શિબિરમાં ગામની પ્રાથમિક શાળામાં







શિશુવિહાર સંસ્થાનાં બાળ પુસ્તકાલય અંતર્ગત ૧૦૦ પુસ્તકોનો સંપુટ આચાર્યશ્રીને ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. ભાવનગર જિલ્લાનાં ગામડાંઓના સ્વાસ્થ્યની કાળજી માટે વાઘ-બકરી ફાઉન્ડેશન દ્વારા મળેલ મેડિકલ વેનનાં વિશેષ સહયોગથી યોજાતા આરોગ્ય શિબિરોમાં ડૉક્ટરશ્રી અરવિંદભાઈ ત્રિવેદી, ટેકનિશયન શ્રી રેખાબહેન, દીપાબહેન જોષી, શ્રી નિર્મોહીબહેન તથા નિરમા લિમિટેડનાં એચ.આર. ડિપાર્ટમેન્ટના શ્રી સુરેશભાઈ ધાંધલિયા અને ગામનાં સરપંચ શ્રી જડીબહેન તથા આચાર્ય શ્રી દિનેશભાઈની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ. કાર્યક્રમનું સંકલન શ્રી રાજુભાઈ મકવાણા તથા શ્રી હીનાબહેન ભટ્ટ દ્વારા થયું હતું.



## બાળ શિક્ષણ

### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર:

નવેમ્બર માસમાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં બાળકોની સરેરાશ સંખ્યા ૫૫ રહી હતી. માસ દરમિયાન બાળકોને હળવી રમત અને અંગ સ્વચ્છતા સાથે સાંકળવામાં આવ્યા હતા. માસમાં વિવિધ વસ્ત્રોનું પ્રદર્શન યોજવામાં આવેલ.

દાતા સર્વ શ્રી ચીમનલાલ રામજીભાઈ બદિયાણી, શ્રી જ્યોતિબહેન માધવાણી, ધીરજલાલ દેસાઈ, હસમુખભાઈ સરવૈયા, હસમુખભાઈ ગાંધી, નાથુભાઈ પ્રજાપતિ, કિરીટભાઈ મહેતા દ્વારા બાળકોને ભોજન આપવામાં આવેલ. ઉપરાંત ૩ દાતાઓ દ્વારા નાસ્તો આપવામાં આવેલ.

૭૯મા અનુભવ તાલીમવર્ગ અંતર્ગત પાંચ બહેનોએ શ્રી પ્રીતિબહેન ભટ્ટનાં માર્ગદર્શન હેઠળ સાધનકામમાં સ્વાદ પરિચય, રચના પેટી, જ્ઞાનેન્દ્રિયની જાણકારી તેમજ હસ્ત ઉદ્યોગ તાલીમમાં મુગટ, માટીકામ અને શબ્દપોથીની તાલીમ મેળવી હતી.

સંચાલક: શ્રી ઉષાબહેન રાઠોડ, શ્રી અંકિતાબહેન ભટ્ટ

## આરોગ્ય

### ૪૫૨-એ તથા (૪૫૨-બી)મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:







સ્વ. માતુશ્રી ભાગીરથીબહેન મનસુખલાલ આચાર્યની સ્મૃતિમાં જામનગર સ્થિત ડૉ. કે.એમ. આચાર્યના સૌજન્યથી શ્રી ભરતભાઈની ઉપસ્થિતિમાં શિશુવિહાર સંસ્થામાં ૪૫૨ (એ)મો તેમજ સ્વ. રસિકલાલ છગનલાલ દવેની સ્મૃતિમાં શ્રી રાજેશભાઈ રસિકલાલ દવેના સૌજન્યથી ૪૫૨ (બી)મો નેત્રયજ્ઞ તારીખ ૨૫ નવેમ્બરે શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ

હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૧૧૫ દર્દીઓની આંખ તપાસ વીરનગરના ડૉ. શ્રુતિબહેનની ટીમ દ્વારા કરવામાં આવી. લાભાન્વિત દરદીઓને શિશુવિહાર પરિસરમાં 'ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા' ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૨૨ દર્દીઓને એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.




શિયાળાના ઠંડા વાતાવરણમાં શરીરના રક્ષણ માટે ડૉ. કે.એમ. આચાર્ય તરફથી દર્દીઓને સોલાપુરી શાલ શ્રી ભરતભાઈની ઉપસ્થિતિમાં ભેટ આપવામાં આવી હતી. આ ઉપરાંત સ્વ. રસિકલાલ દવેના સૌજન્યથી ૪૫રબી નેત્રયજ્ઞમાં ૧૫ દર્દીઓને તા.૨૮ નવેમ્બરે લઈ જવામાં આવ્યા હતા.

'દર્દી દેવો ભવ:'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## વયસ્કો માટે ૩૩૪મી દૃષ્ટિચકાસણી શિબિર:

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી શિશુવિહાર ફિઝિયોથેરાપી સેન્ટરમાં ક્રમાક ૩૩૪ અન્વયે ૩ રવિવાર દરમિયાન શ્રી અંકિતાબહેન ભટ્ટ દ્વારા ૮૦ વયસ્કોને Auto Refractometer ઉપર આંખ તપાસ બાદ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.




સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

નવેમ્બર માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન એલોપેથીની સારવારનો લાભ ૧૯૪૦ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દરદીઓને નિ:શુલ્ક દવા આપવામાં આવેલ.




સંચાલક: ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

## જીવન શિક્ષણ તાલીમ::

ભાવનગરના સેવાભાવી યુવક મિત્રો દ્વારા શહેરના પ્રભુદાસ તળાવ તથા સુભાષનગર વિસ્તારની ઝૂંપડપટ્ટીના ૨૨ બાળકો માટે અ-વૈધિક તાલીમ આપવામાં આવે છે. મહિનાના ૨૨ દિવસ સાંજના ૬:૦૦ થી ૭:૩૦ દરમિયાન શિશુવિહાર પ્રાંગણમાં ૪૭ ગરીબ બાળકોને નાસ્તો, ગણન-વાંચન, ક્રાફ્ટ અને રમત-ગમત પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે. ડ્રોપ નામની સંસ્થા થકી આ સેવાભાવી યુવકો એકલવાયું જીવન વ્યતિત કરતાં વડીલોને રાશનકીટ પહોંચાડી રહ્યાં છે.

## ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાઓની સારવાર આપવામાં આવે છે. ડૉ. ધારિણીબહેન ઠક્કર તથા ડૉ. જાહ્નવીબહેનનાં કન્સલ્ટેશન હેઠળ નવેમ્બર માસમાં ૩૩૫ દરદીઓએ સારવાર લીધી હતી,તેમ જ ફિટનેસ સેન્ટરમાં ૩ બહેનો તથા ૧ ભાઈ જોડાયા હતા.



સંચાલક: શ્રી નિશાબહેન બારૈયા

## સંગીત વર્ગ:

નવેમ્બર માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક:શ્રી દેવુભાઈ મહેતા

# જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

## ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ

નવેમ્બર માસ દરમિયાન ક્રીડાંગણમાં નિયમિત રીતે આવતાં તાલીમાર્થીઓની સંખ્યા ૪૫ રહી હતી. માસ દરમિયાન ટેલિફોન, રન સ્ટોપ પ્રકારે સામુહિક રમતો રમાડવામાં આવી હતી.

સાંય પ્રાર્થના સમયે બાળકોએ ટુકડીમાં રહી પ્રાર્થના ધૂન, સમૂહગીત, હર્ષનાદો કર્યા હતા. તેમજ ક્રીડાંગણ તાલીમાર્થી શુભમ્‌ભાઈનો જન્મદિવસ પણ પ્રસાદ-સ્મૃતિ ભેટ સાથે ઉજવાયો હતો.




શિશુવિહાર ઓપન ટ્રુપના સ્કાઉટ માસ્ટર શ્રી હરેશભાઈના ૭૮મા જન્મદિવસ નિમિતે બાળકોને નાસ્તો આપવામાં આવ્યો. તેમજ શ્રી નીરવ હસમુખભાઈ ગાંધી તરફથી ભોજન તથા સંસ્થા કાર્યકર કમલેશભાઈ અને પંકજભાઈ તરફથી નાસ્તો આપવામાં આવેલ.

દિવાળી વેકેશનના સમયના સદ્‌ઉપયોગ તરીકે તા.૧ થી ૪ નવેમ્બર ૨૦૨૨ દરમિયાન શિશુવિહાર ક્રીડાંગણના વિદ્યાર્થીઓ માટે સ્કાઉટ તાલીમ કેમ્પ યોજવામાં આવ્યો. બાલદેવવનમાં છાવણી નાખીને યોજાયેલ શિબિરમાં સ્કાઉટ પરિચય, વ્હીસ સંજ્ઞા, થોક, ભૂમિ સંકેત અને સ્કાઉટ ધ્વજ, સ્કાઉટ ગણવેશ પ્રકારની તાલીમમાં ભાગ લઈને પ્રથમ સોપાન ઉતિર્ણ કરેલ.

તારીખ ૨૪ નવેમ્બરે સંસ્થાની પ્રથમ ટુકડીના વિદ્યાર્થી અને છેલ્લા ૨૨ વર્ષથી અમેરિકામાં સ્થાયી થયેલ શ્રી જનુભાઈ ભટ્ટ સાથે તાલીમાર્થીઓએ અમેરિકાની વાતો જાણીને આનંદ માણ્યો હતો. સંચાલક: શ્રી કમલેશભાઈ વેગડ

## મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ



ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

### જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમ:



નવેમ્બર માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૧૨ રહી હતી. જેમાં તાલીમાર્થી બહેનોને વિશેષ રીતે સાડીના ફોલ-છેડા કરાવવાની તાલીમ આપવામાં આવી હતી.

સંચાલક: શ્રી ગુલાબબા ગોહિલ

### સ્વ-રોજગાર સહાય







• મહિલા સશક્તિકરણ અંતર્ગત શ્રી ઈન્દાબહેન માનભાઈ ભટ્ટનાં માર્ગદર્શન હેઠળ સંસ્થાની સીવણ તાલીમાર્થી બહેનોએ વર્ષ દરમિયાન બટવા, પર્સ, કુશન કવર, બેડશીટ, ગૌમુખી તૈયાર કરી રૂ.૧૫,૫૭૫/- પારિશ્રમિક તરીકે મેળવ્યા છે. શુભ પ્રસંગોએ ભેટ, પ્રસાદ મૂકવા માટે અત્યંત સુંદર નમૂનાઓ તૈયાર કરનાર તથા શ્રમિક બહેનોની રોજગારી માટે નમૂનાઓ ખરીદનાર નાગરિકોને અભિનંદન. સંપર્ક નં.૯૪૦૮૮૦૫૨૧૯



### કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ:

શિશુવિહાર સંસ્થામાં સ્વ.કાળીદાસભાઈ વળિયા પરિવારની સહાયથી ચાલતા કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ અંતર્ગત કમ્પ્યૂટર બેઝિક કોર્સમાં અનુભવ વર્ગની પાંચ બહેનો શિક્ષણ મેળવી રહ્યાં છે.

સંચાલક :શ્રી કમલેશભાઈ વેગડ



### દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. ઑક્ટોબર માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

- શ્રી ઈન્દાબહેન ભટ્ટ

## મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. નવેમ્બર માસ દરમિયાન બે સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

## હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:



બાળકો તેનાં શારીરિક વિકાસ સાથે સર્જનશીલતાનો આનંદ લઈ શકે તે માટે શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ કેન્દ્રમાં પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬ દરમિયાન વિદ્યાર્થીઓને જીવનશિક્ષણ તાલીમ આપવામાં આવે છે.સપ્ટેમ્બર માસમાં પ્રવૃત્તિ ક્રમાંક ૧૫૩ થી ૧૫૪માં કાપડની દોરી વણીને તેમાંથી ન્યુઝપેપર હેંગલર, તેમજ જૂના પાઉડરના ડબ્બાને સુશોભન કરવાની તાલીમ આપવામાં આવી. જેમાં ૮૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

તાલીમી સંચાલક :શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## તાલીમ:

પ્રા. ડૉ. નેહલભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૮ નવેમ્બરે યોજાયેલ, જેમાં માસ દરમિયાનના નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તેમ જ ડિસેમ્બર માસના સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

## માંદગી સાધનસહાય:

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. નવેમ્બર માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૯ દર્દીઓએ લાભ લીધો હતો.

સંચાલક: શ્રી અનિલભાઈ જોશી



## આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સહકારથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. યુઝ એન્ડ થ્રો કપમાં આપવામાં આવતાં અને શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ ૧૧૮૦ નાગરિકોએ લીધેલો.

– સંચાલક: શ્રી નરસિંહભાઈ મકવાણા



## બાલદેવ વન:

નવેમ્બર માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા એક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં ૩૭૩ બાળકો પોતાના વાલી સાથે રમવા આવ્યાં હતાં. આંગણવાડી કેન્દ્ર નં.૫૭ના ૪૫, કેન્દ્ર નં.૫૯ના ૫૫, કેન્દ્ર નં.૬૦ના ૬૯, કેન્દ્ર નં.૬૧ના ૩૦, નાઈસ પ્રાયમરી સ્કૂલના ૧૭૩ તેમ કુલ ૩૭૩ બાળકોએ મુક્ત મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી 'બાળ આરોગ્ય સૂત્ર' પુસ્તિકા ભેટ આપવામાં આવેલ. સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

# સંસ્કાર સાહિત્ય પ્રકાશન



## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજન: રાજા રામમોહન રૉય ફાઉન્ડેશન

નવેમ્બર માસમાં ૩૦ વાચક સભ્યોએ ૯૦ પુસ્તકો વાચ્યાં હતાં.

**સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલાં પુસ્તકો, જેનો સાભાર સ્વીકાર છે.**

બાવો બોર બાંટતા, બાપુના મુખે બાપુની વાત, યુવાનીને બાપુનું આહ્વાન(શ્રી ઈશ્વરભાઈ પરમાર), રામકથા (૬ નંગ), શિક્ષણ સૂરજનું સંતાન (શ્રી ચિત્રકુટધામ ટ્રસ્ટ), બાળકને બાપુનું વહાલ (શ્રી મીનાબહેન), ૭૫ પુસ્તક (શ્રી જીતુભાઈ પંડ્યા), સ્પર્શ ફૂલોનો: ૨ પુસ્તકો (શ્રી પંકજભાઈ ચૌહાણ), મનહંસા મોતી ચરો (કુસુમ પ્રકાશન), શ્રી વાસુદેવ સ્માર્ત (શ્રી રમણિકભાઈ ઝાપડિયા)

સંચાલક :શ્રી દીપાબહેન જોષી



## બુધસભા:

૧૯૮૦થી અવિરતપણે ચાલતી બુધસભાની ૨૨૦૭મી બેઠક તારીખ ૨ નવેમ્બરે યોજાઈ. શ્રી જયેશભાઈ ભટ્ટના સંચાલનમાં ૧૮ કવિ-કવયિત્રીઓએ સ્વ-રચનાઓનું પઠન કરેલ. માસનાં બીજા બુધવારે અવસર અભિવ્યક્તિ અંતર્ગત શ્રી હર્ષાબહેન ચૌહાણનાં સંચાલનમાં ૨૨ કવિ મિત્રોએ પોતાની સ્વ-રચનાઓનું પઠન કરેલ. માસના ત્રીજા બુધવારે ગુજરાતના જાણીતા કવયિત્રી શ્રી નેહાબહેન પુરોહિતના સંચાલનમાં યોજાયેલ બુધસભામાં ૧૫ રચનાકારોની પ્રસ્તુતી થઈ હતી. નવેમ્બર માસનાં કવિ વિશેષમાં મુંબઈથી શ્રી




દિલીપભાઈ ઝવેરી પધાર્યા હતા. શ્રી તખ્તસિંહભાઈ પરમારના જન્મદિવસ પ્રસંગની બુધસભામાં પધારેલ કવિશ્રીનું અભિવાદન શ્રી જયેશભાઈ ભટ્ટ તથા પ્રા. ડૉ. મહેન્દ્રસિંહ પરમાર દ્વારા થયું હતું. આ ઉપક્રમે બુધસભાના ૧૦ કવિઓને પણ પોતાની રચના વાચવા નિમંત્રણ મળેલ. માસના અંતિમ અને પાંચમાં બુધવારે યોજાયેલ મુશાયરામાં કવિ સર્વ શ્રી આશિષ ગઢવી, જગતભાઈ ભટ્ટ, પારુલ ખખ્ખર, જયેન્દ્રભાઈ જોષી સાથે ૧૬ રચનાઓ રસપ્રદ રજૂ થઈ હતી. તારીખ ૩૦ નવેમ્બરે બુધસભાના વરિષ્ઠ કવિ ડૉ. નટુભાઈ પંડયા દ્વારા ૨૨૧૧મી બેઠકનું સંચાલન રહ્યુ. નવેમ્બર માસની પાંચે બુધસભામાં ૭૭ રચનાઓનું પઠન તથા ઉપસ્થિત મહેમાન કવિઓની અભિવ્યક્તિ રસપ્રદ રહી હતી.

સંચાલકઃ શ્રી દીપાબહેન જોશી

## પ્રચાર-પ્રસાર



### નવેમ્બર માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી ભાનુબહેન શેઠ-ભાવનગર, શ્રી ગુજરાત નઈ તાલીમ સંઘ-અમદાવાદ, ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી-અમદાવાદ, શ્રી સાંવરિયા કેમિકલ્સ લિમિટેડ- ભાવનગર, ડૉ. રજનીકાંતભાઈ ઠક્કર-ભાવનગર

સંચાલકઃ શ્રી દક્ષાબહેન ગોહેલ

### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની નવેમ્બર માસમાં ૧૬૦ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

નવેમ્બર માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૪૯૦૦ અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૫૦૫ રહી હતી.

સંચાલકઃ શ્રી અનિલભાઈ બોરીચા

## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •

### સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 2,70,000.00 | ડૉ. રાહુલભાઈ એ. શ્રીધરાણી | માતૃભાષા સંવર્ધન |
| 75,000.00 | શ્રી જીતેન્દ્રભાઈ મનસુખલાલ વણજારા | સર્વાંગી વિકાસ સહાય |
| 51,000.00 | શ્રી જયશ્રીબહેન પી. શેઠ | ફિઝિયોથેરાપી સહાય |
| 25,252.00 | શ્રી બાલકૃષ્ણ જી. પંડ્યા | શૈક્ષણિક સહાય |
| 25,000.00 | શ્રી વસંતરાય કે. શાહ | કન્યા કેળવણી |
| 25,000.00 | શ્રી કિરણભાઈ એ. પટેલ | સર્વાંગી સહાય |
| 21,000.00 | શ્રી નિશાબહેન જયેશભાઈ બાવીશી | નાગરિક સન્માન |
| 20,000.00 | શ્રી રાજેશભાઈ રસિકલાલ દવે | નેત્રયજ્ઞ |
| 18,700.00 | શ્રી ચુડાસમા સાહેબ | સર્વાંગી સહાય |
| 10,000.00 | ડૉ. રુચિતા જશવંતરાય શાહ | બાલદેવન સહાય |
| 5,000.00 | શ્રી નિપુર્ણભાઈ ધોળકિયા | પોષક આહાર |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ | દૃષ્ટિ ચકાસણી |
| 5,000.00 | શ્રી હસમુખભાઈ એમ. ગાંધી | પોષક આહાર |
| 5,000.00 | શ્રી અમુભાઈ પી. રવાણી | શૈક્ષણિક સહાય |
| 3,000.00 | શ્રી સંકેત વિજયભાઈ ભટ્ટ | સર્વાંગી તાલીમ |
| 3,000.00 | શ્રી નિરવભાઈ એ. શાહ | પોષક આહાર |
| 2,500.00 | શ્રી મીરા શ્રદ્ધાબહેન કાબરિયા | નાગરિક સન્માન સહાય |

## શુભેચ્છકો લખે છે

### • ડૉ. વિદ્યુતભાઈ જોષી (પૂર્વ ઉપકૂલપતિ, ભાવનગર યુનિવર્સિટી)







વ્યક્તિ જે કાર્ય સાથે સંકળાયેલ હોય છે તે અંગેના વિચારો સ્વાભાવિક રીતે જ કરતી હોય છે. એક શિક્ષક કેમ ભણાવવું, એક વકીલ કેમ દલીલ કરવી કે એક પોલીસ ગુનેગારને કેમ પકડવો, તે અંગેના વિચારો કરે જ

છે, જો વિચાર ન હોય તો કાર્ય જ ન થાય, પરંત સામાજિક વિચાર અને વ્યક્તિની કામગીરીના વિચારોમાં ફેર છે. પોતાના કામ અંગે વિચારનાર વ્યક્તિ પોતાના સંદર્ભમાં વિચારે છે, જ્યારે સામાજિક વિચારકો કેવો સમાજ બનાવવો છે તે અંગે વિચારે છે. ડૉ. નાનક ભટ્ટ અગાઉના પોતાના પુસ્તકોમાં વિકાસની તરાહ કેવી હોવી જોઈએ તે અંગે લખવામાં સફળ થયા છે. કર્મશીલતાના ૪૦ વર્ષના અનુભવ સાથે ડૉ. નાનક ભટ્ટ હવે ટકાઉ વિકાસની ખેવના અંગે પુસ્તકમાં પોતાના વિચારો રજૂ કરે છે. આ પુસ્તકમાં તેમના ૬૦-૬૨ જેટલા લેખોનો સંગ્રહ છે. સ્વાભાવિક જ છે કે તેમના આ વિચારો તેમના અનુભવસિદ્ધ છે.

ડૉ. નાનક ભટ્ટ શિશુવિહાર સ્થાપિત ભાવનગર વૃદ્ધાશ્રમ ચલાવવામાં સંકળાયેલ રહ્યા છે આથી વૃદ્ધાશ્રમોને તેઓ જરૂર સ્વીકારે છે અને વૃદ્ધાશ્રમો કેવી રીતે વૃદ્ધોને ગુણવત્તાવાળું જીવન આપી શકે અને આજના સમયમાં વૃદ્ધાશ્રમો કેવી રીતે અનિવાર્ય બની ગયા છે તેની વાત કરે છે.

નાનપણથી જ સ્કાઉટ પ્રવૃત્તિ સાથે જોડાયેલ, તેથી તેનો અભ્યાસ પૂર્ણ ઈતિહાસ નોંધે છે. સનતભાઈની સંસ્થા શ્રમિક વિકાસ સંસ્થાનમાં નિયામક રહી વિકાસકામો કર્યાં. તેથી નર્મદા જમીન સંપાદન અને પુનર્વસન તથા ડુંગળી ઉગાડનાર ખેડૂતોની વ્યથાની વાત કરે છે. બાળકોનું શિક્ષણ સારું હોય તો સારા નાગરિકો ઘડી શકાય તેવી માન્યતાને આધારે તેઓ શિક્ષણ અંગે પણ પોતાની કલમ અજમાવે છે. પુસ્તકના લેખોમાંથી ઘણાખરા સ્વસ્થ સમાજ ઘડતર અંગે છે. આવું જ તેમના માતૃભાષા પ્રેમ વિશે કહી શકાય. માતૃભાષાનો જયકાર થાય તે માટે તેઓ ગુજરાતી પુસ્તકો આપવાનું કામ પણ કરે છે. સાથોસાથ વધતા અંગ્રેજી માધ્યમ અંગે ચિંતિત છે.

વિકાસ અને ટકાઉ વિકાસ એ તો તેમનો પ્રિય વિષય છે. લોકશાહી વિકસિત થાય, સાથોસાથ મૂડીવાદ આવે તેની સામે તેમને વાંધો નથી, પરંતુ અ મૂડીવાદ પર માનવીય મૂલ્યોનો ઢોળ ચડેલો હોવો જોઈએ તેમ તેઓ માને છે. આથી જ તો વિકાસ કેવો હોવો જોઈએ તેની ચર્ચા સીધી અને આડકતરી રીતે અનેક લેખોમાં લાવે છે. અહીં ગરીબો અને શ્રમિકોનું શોષણ ન થાય અને દરેકને સામાજિક ન્યાય મળી રહે તથા સંશોધનોનું પણ સંવર્ધન થાય તેવા સંપોષિત એટલે કે ટકાઉ વિકાસની તેમની વિચારધારા સ્પષ્ટ દેખાઈ આવે છે. કુસુમ પ્રકાશન દ્વારા પ્રકાશિત તેમના પુસ્તક સમાજ વિકાસ અને વિકલ્પમાં તેમના વિવિધ લેખોમાં આવતું વિષયવૈવિધ્ય એ તેમના અનુભવ વૈવિધ્યનો પડઘો પાડે છે. રીલાયન્સ, ઈન્ડિયન

પેટ્રોકેમિકલ્સ અને ઍક્સેલ જેવા મોટા ઉદ્યોગોમાં સામાજિક જવાબદારી ઉપરાંત નર્મદા પુનર્વસન, ભાલવિકાસ, ડુંગળી ઉગાડનાર ખેડૂતોની મંડળીની કામગીરી પછીથી પોતાની સ્વૈચ્છિક સંસ્થા બનાવી ગ્રામ વિકાસના પાયાના કામ યોજ્યા, સૌરાષ્ટ્ર મૈત્રીમંચ બનાવી વિવિધ સ્વૈચ્છિક સંસ્થા સંકલનની જવાબદારી, ફોટો જર્નાલિઝમમાં તેમની રુચિ છે અને આ બધાને અંતે શિશુવિહારની પ્રવૃત્તિઓ સંભાળવાની કામગીરીએ તેમને બહુમુખી સામાજિક કાર્યકર બનાવી દીધા છે.

સ્વૈચ્છિક સંસ્થાઓ તો ઘણા લોકો ચલાવે છે, પરંતુ સાથે-સાથે વિચાર ઘડતરનું કામ બહુ ઓછા લોકોએ કર્યું છે. તેવી જ રીતે સ્વૈચ્છિક સંસ્થામાંથી રાજકરણમાં કે વ્યવસાયમાં કૂદકો મારનાર પણ ઘણા છે, પરંતુ આ તમામ આકર્ષણોથી નાનકભાઈ પર રહી શક્યા અને એક સુંદર વિચારપ્રેરક પુસ્તક આપી શક્યા તેનો આનંદ છે.

ગુજરાતમાં શૈલીકારોને ઘણીવાર આપણે વિચારકો તરીકે ઓળખીયે છીએ. શબ્દવૈભવ, ચમત્કૃતિ, જોડકણાં કે સુંવાળા સંબંધો અને ધર્મની પોથીમાંથી વાતો કરનાર શરૂમાં વાંચવા ગમે છે, પરંતુ વાંચી લીધા પછી લાગે કે તેમાંથી મનોરંજન સિવાય કશું જ પ્રાપ્ત નથી થતું. કારણ કે, તેવા શૈલીકારના વિચારો વૈજ્ઞાનિક નહીં, પરંતુ ઉપદેશાત્મક હોય છે. શિશુવિહાર સામયિકના તંત્રીશ્રી નાનકભાઈ આવા શૈલીકાર ન બન્યા અને તેમણે પોતાના લેખોમાં તાર્કિક વિચારતત્વને મહત્વ આપ્યું તે તેમનાં પુસ્તકનું વિચારમૂલ્ય વધારે છે. જ્યારે જ્યારે વિકાસની દિશા, ગતિ અને ગુણવત્તાની ચર્ચા થશે ત્યારે આ પુસ્તક કામ લાગશે.

ડૉ. નાનક ભટ્ટનું સમાજ ચિંતન અગાઉ 'વિકાસની ખોજ' ભાગ ૧ થી ૩ 'આરપાર' અને 'વિકાસની વાત' નામના પુસ્તક સ્વરૂપે જાણીતું બન્યું છે. તેમના વિવિધ અખબાર અને સામયિકોમાં પ્રકાશિત લેખો આ પુસ્તકમાં એક વિચારદેહરૂપે પ્રાપ્ત થાય છે, જે સમાજકાર્ય સાથે જોડાયેલ મિત્રો માટે માર્ગદર્શક બનશે.

• **શ્રી કિરીટભાઈ દવે (યુ.એસ.એ.)**

પૂજ્ય માનભાઈ દ્વારા શરૂ કરાયેલ ઘણી શ્રેષ્ઠ પ્રવૃત્તિઓ પૈકીની શ્રી નિર્મળભાઈ ન્યાલચંદ વકીલ વડીલ વંદના પ્રવૃત્તિ આજે ૩૧ વર્ષે પણ સરસ રીતે ચાલી રહી છે. તે આનંદ અને ગૌરવની બાબત છે. આ માટે સંસ્થા કાર્યકરોની ટીમને અભિનંદન. મારી શુભેચ્છા અને સહુ વડીલોને ઓળખ આપતા આઈકાર્ડનું સ્નેહ સંભારણુ સ્વીકારશો.

**• શ્રી ઈલાબહેન મહેતા (વડોદરા)**

બહુ ઉમદા કામ કરી રહ્યા છો તમે. કદાચ ગુજરાતમાં આવી કોઈ સંસ્થા નહીં હોય જે લોક કલ્યાણના આવા સામાજિક કામ કરતી હોય. પૂજ્ય માનભાઈના આશીર્વાદ અને તેમનો પ્રભાવ શિશુવિહાર પર હંમેશા રહ્યો છે અને તમને આવા સુંદર કામો કરવા માટે પ્રેરતા રહેશે. સહુને ખૂબ અભિનંદન.

**• ડૉ. નીલાબહેન ઓઝા (અધ્યક્ષ: ભાવનગર વૃદ્ધાશ્રમ)**

ભાવનગર વૃદ્ધાશ્રમની શરૂઆત પૂજ્ય માનભાઈ ભટ્ટ-શિશુવિહાર દ્વારા થઈ તેઓ એક વખત ઝાડની ડાળીઓ કાપતાં પડી ગયા અને પગે ફ્રેક્ચર થયું એ પછી પથારીમાં સૂતાસૂતા તેમને વિચાર આવેલો કે જ્યારે વૃદ્ધાવસ્થા આવે અને વ્યક્તિને કોઈ મદદગાર ન હોય તો શું થાય? આ જ વિચારે તેમણે ભાવનગરમાં એક વૃદ્ધાશ્રમ શરૂ કરવાનું વિચારેલું અને આજે ભાવનગરમાં એક નહીં પણ બે વૃદ્ધાશ્રમ છે તેમ સમાજની બદલાતી જરૂરિયાતોને લક્ષમાં રાખી વૃદ્ધજન સન્માનનો કાર્યક્રમ ૩૧ વર્ષ પહેલા શરૂ કર્યો જે એક વ્યક્તિની દીર્ઘ દૃષ્ટિને વ્યક્ત કરે છે. પ્રણામ.

**• શ્રી સીતારામભાઈ (એકસેલ પરિવાર, ભાવનગર)**

શિશુવિહાર સંસ્થા પ્રત્યેની લાગણી હજારો માનવીઓનાં હ્રદયમાં બિરાજમાન છે. કોઈ શબ્દો દ્વારા, તો કોઈ મનમંદિરમાં, તો કોઈ તન, મન, ધનથી નિસ્વાર્થભાવે રાષ્ટ્રીય પ્રેમ અને સાચી સદભાવના માટે કાર્ય કરતી સંસ્થાઓ પ્રત્યે આદરભાવ વ્યક્ત કરે છે. આપશ્રીએ, મારા જેવા નાના કર્મચારીઓની હ્રદયગત વાતને શિશુવિહાર સામયિકમાં સ્થાન આપ્યું છે તે માટે આભાર.

**• શ્રી શાંતિલાલભાઈ ગઢિયા (વડોદરા)**

શિશુવિહારના સ્થાપના દિવસે શુભેચ્છા, **શુભ જન્મદિન, તવ શુભ જન્મદિન શાંતિ, પુષ્ટિ, તૃષ્ટિ પ્રાપ્ત હો તુજને, વૃદ્ધિ, સમૃદ્ધિ, સિદ્ધિ પ્રાપ્ત હો તુજને, શુભ જન્મદિન, તવ શુભ જન્મદિન.**

**• શુભચિંતક: ભાવેણા વાસીઓ (ભાવનગરના નાગરિકો)**

બહુજન હિતાય, બહુજન સુખાય પ્રકારે સારા ભાવેણાના બાળકો, યુવાનો, વડીલો, સંગીત પ્રેમીઓ, સાહિત્યકારો, દર્દીઓ દરેકની વર્ષોથી નિ:સ્વાર્થ સેવા થઈ રહી છે. શિશુવિહારમાં કર્મનિષ્ઠાની પ્રબળ ઉર્જા સાથે જન સેવાના નક્કર સંકલ્પ દ્વારા માનવજાતના વિકાસનો નવતર ચીલો ૮૩ વર્ષથી ચાલે છે. પ્રભુને નૂતન વર્ષે પ્રાર્થના કે આપ સર્વ કાર્યકરોને તંદુરસ્ત રાખે. સદાય સ્વસ્થ રાખે.

**• શ્રી મનસુખભાઈ સલ્લા (શિક્ષણવિદ, અમદાવાદ)**

શિશુવિહાર તરફથી નાગરિક સન્માન અને સ્વસ્થ વૃદ્ધત્વ

સન્માનની પત્રિકાઓ મળી. પૂજ્ય મોરારિબાપુની પાવન ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાય છે તે પણ ઘણું નોંધપાત્ર છે. સમાજની ખેવનાથી કામ કરતા આવા નાગરિકાને શોધીને તમે એમનું ગૌરવ કરો છો તે ખૂબ પ્રશંસનીય બાબત છે. આવી રીતે ગૌરવ કરવું એ સાંસ્કૃતિક પરંપરાને બળ આપવા જેવું પણ છે. શિશુવિહાર તમારા નેતૃત્વ નીચે અનેક રીતે અનેક પ્રવૃત્તિઓ સરસ રીતે કરી રહ્યું છે તે બહુ જ પ્રશંસનીય બાબત છે, તેમ ગણું છું. તમે અંદરથી સમાજ ઉત્થાન માટે પ્રતિબદ્ધ છો. એનાં સપના જ તમને કાયમ આવતાં હશે. એટલે નવી નવી પ્રવૃત્તિઓ સુંદર રીતે, સક્ષમ રીતે અને હેતુ પૂર્ણ રીતે તમે ચલાવી રહ્યા છો તે માટે ગૌરવ થાય તેવું છે. તમને અભિનંદન. કાર્યક્રમમાં તમે જે ચાર વ્યક્તિઓને નાગરિક સન્માન માટે પસંદ કર્યા છે તેઓને નિકટથી ઓળખું છું. પરિચય વાંચીને ખૂબ આનંદ થયો. કાર્યક્રમની સફળના ઈચ્છું છું.

**• શ્રી નલિનીબહેન વ્હોરા (વડોદરા)**

શ્રી અનિલભાઈ શ્રીધરાણીને વકીલાતના વ્યવસાયમાં સંજોગોએ મોકલ્યા, બાકી એ હતાં સાહિત્યનાં માણસ. આઝાદીનાં દિવસોમાં ‘માણેકવાડી બાળ ક્રીડાંગણ’ એક કર્મશીલ સંસ્થા હતી. કિશોર-કિશોરીઓ માટે મંદિર સમાન હતી. અમે તેને પ્રેમથી અખાડો કહેતા. એ સંસ્થાનું એક હસ્તલિખિત માસિક ‘પ્રયાસ’ નામે બહાર પડતું. જેનું સંકલન અનિલભાઈ કરતા. એના દરેક અંકમાં એમની એક વાર્તા રહેતી. શ્રી સોમાભાઈ શાહના ડ્રોઈંગ કલાસમાં અનિલભાઈએ શીખેલી ચિત્રકલા પણ ‘પ્રયાસ’માં ઉમેરાતી. સાહિત્યના ક્ષેત્રમાં પ્રવેશનો એ કદાચ નાનો એવો પ્રયત્ન હતો. એમ કહી શકાય. અમારા પિતા જેને અમે ભાઈ કહેતા એને જુદા જુદા ગામે બદલીને લીધે રહેવું પડતું. અમે બા સાથે ભાવનગરમાં રહીને ભણતા. દર વેકેશનમાં પિતાજી સાથે રહેવા અમે ગામડે જતા. ત્યાં પહોંચીને અનિલભાઈનું પહેલું કામ ગામની લાઈબ્રેરીમાં જઈ બેવડું સભ્યપદ નોંધાવી બે પુસ્તકો લઈ આવવાનું રહેતું અને મેળવેલ પુસ્તકો પૂરાં વાંચી નાખતા ને પાછા બીજા બે લઈ આવતા. ક્યારેક તો લાઈબ્રેરીયનને શંકા આવે કે વાંચ્યા વગરના જ પુસ્તકો પાછા આવે છે. એક વાર ગ્રંથપાલે અનિલભાઈને પ્રશ્ન પૂછ્યા જેનો અનિલભાઈએ સવિસ્તાર જવાબ આપ્યો. આ હતો એમને માતૃભાષા પ્રત્યેનો લગાવ. એમની વિદાય સાથે મેં મારો ભાઈ, મિત્ર, માર્ગદર્શક ગુમાવ્યા છે. એમના આત્માને શાંતિ મળે એજ પ્રાર્થના.

**• પ્રા. છાયાબહેન પારેખ ( ભાવનગર)**

શિશુવિહાર, આપનું પ્રસાર કાર્ય પ્રશંસનીય છે. સકારાત્મક વિચારો અને સમાચારો સમાજમાં વધુમાં વધુ વિસ્તરે તે માટેની આપની ખેવના વંદનીય છે.

## (અ) વર્ષ ૨૦૨૨માં
## શિશુવિહાર સંસ્થાની પ્રવૃત્તિઓ દ્વારા લાભાવિન્ત નાગરિકોની સંખ્યા

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | વર્ષ ૨૦૨૨માં પ્રવૃત્તિ માસ | લાભાન્વિત નાગરિકો |
|---|---|---|---|
| A | **બાલકેળવણી** | | |
| 1 | ક્રીડાંગણ, બાલદેવવન | 12 | 73200 |
| 2 | બાલમંદિર | 12 | 18250 |
| 3 | શાળાઓ સંસ્થાઓ માટે બાળ પુસ્તકાલય | 01 | 80 |
| 4 | શિક્ષકોનું સામાજિક ઉત્તરદાયિત્વ | 01 | 900 |
| 5 | આંગણવાડી સાધનસહાય અને શિક્ષક પ્રશિક્ષણ | 01 | 316 |
| 6 | અનુભવ તાલીમવર્ગ | 12 | 5 |
| 7 | જાગૃતવાલી તાલીમ | 03 | 200 |
| B | **જીવનશિક્ષણ (કૌશલ્ય તાલીમ)** | | |
| 8 | ૧. સ્કાઉટ ક્રીડાંગણ-ડીઝાસ્ટર તાલીમ | 12 | 5500 |
| 9 | ૨. હસ્ત કૌશલ્ય તાલીમ | 12 | 600 |
| 10 | ૩. વાચન-ગણન (પુસ્તકાલય)તાલીમ | 05 | 200 |
| 11 | સંસ્થા કાર્યકર તાલીમ | 12 | 180 |
| C | **આરોગ્ય** | | |
| 12 | પ્રાથમિક શાળાના બાળકોની દ્રષ્ટિ ચકાસણી,દવા,ચશ્મા વિતરણ | 9 | 3807 |
| 13 | જરૂરિયાતમંદ પરિવારોને સાધનસહાય તેમજ અનાજ વિતરણ | 01 | 15 |
| 14 | પ્રભુકૃપા નેત્રયજ્ઞ | 12 | 3600 |
| 15 | સ્વાસ્થ્યવર્ધક ઉકાળા વિતરણ | 12 | 29200 |
| 16 | વયસ્કો માટે દ્રષ્ટિ ચકાસણી તથા ચશ્મા વિતરણ | 9 | 1127 |
| 17 | માંદગી સાધન સહાય | 12 | 960 |
| 18 | આરોગ્ય કેન્દ્ર | 12 | 4850 |
| 19 | ફીઝિયોથેરાપી-ફીટનેસ સેન્ટર | 12 | 5400 |
| D | **મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ** | | |
| 20 | સીવણ તાલીમ | 12 | 10950 |
| 21 | કન્યા કેળવણી | 01 | 250 |
| E | **સ્વરોજગાર** | | |
| 22 | કાપડની થેલી તૈયાર | 12 | 7000 |
| 23 | સિલાઈ મશીનનું વિતરણ | 3 | 24 |
| 24 | કમ્પ્યૂટર તાલીમ | 12 | 24 |

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | વર્ષ ૨૦૨૨માં લાભાન્વિત પ્રવૃત્તિ માસ | નાગરિકો |
|---|---|---|---|
| F | **સંસ્કાર સાહિત્ય પ્રકાશન** | | |
| 25 | ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય | 12 | 800 |
| 26 | બુધસભા | 12 | 1620 |
| 27 | મનોરંજન સાધન | 12 | 50 |
| 28 | સંગીત વર્ગ | 10 | 50 |
| G | સાંસ્કૃતિક કાર્યક્રમ | | |
| 29 | દિવ્ય જીવન પ્રાર્થના | 12 | 350 |
| D | **સ્મૃતિ કાર્યક્રમો અને સન્માન** | | |
| 30 | શ્રી મૂળશંકર મો. ભટ્ટ સ્મૃતિ વ્યાખ્યાન | 01 | 400 |
| 31 | શ્રી માનભાઈ ભટ્ટ સ્મારક નાગરિક સન્માન-વ્યાખ્યાન | 01 | 600 |
| 32 | શ્રી અંજન સ્મૃતિ કાર્યશાળા | 01 | 150 |
| 33 | શ્રી હીરાબહેન ભટ્ટ કાર્યશાળા | 01 | 200 |
| 34 | શ્રી ન્યાલચંદ વકીલ સ્વસ્થ વૃધ્ધત્વ સન્માન | 01 | 200 |
| E | **પ્રચાર-પ્રસાર** | | |
| 35 | સંસ્થા સામયિક પ્રકાશન | 12 | 54000 |
| 36 | અખબારી નોંધ પ્રકાશન | 12 | 2352 |
| 37 | ઈલેક્ટ્રોનિક મીડિયામાં નોંધ પ્રકાશન | 12 | 60 |
| 38 | ફેસબૂક ફોલોઅર્સ | 12 | 4500 |
| 39 | ઈન્સ્ટાગ્રામ ફોલોઅર્સ | 12 | 500 |
| | | | 232526 |
| (બ) | સંસ્થા પ્રાંગણમાં વિશિષ્ટ પ્રવૃત્તિઓ | | + 117474 |
| | | | 350000 |

## વર્ષ ૨૦૨૨માં
## શિશુવિહારની સામાજિક-શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને તે દ્વારા લાભાન્વિત નાગરિકોની સંકલિત વિગત

**અ વર્ષ ૨૦૨૨મા શિશુવિહાર સંસ્થાના ઉપક્રમે યોજાયેલ ૩૯ પ્રવૃત્તિઓથી લાભાન્વિત નાગરિકોની સંખ્યા: ૨,૩૨,૫૨૬**

**બ ૨૮૬ સંસ્થા પ્રવૃત્તિથી લાભાન્વિત નાગરિકોની સંખ્યા: ૧,૧૭,૪૭૪**

**ક સંસ્થાના નેજાહેઠળ વર્ષ ૨૦૨૨મા કુલ પ્રવૃતિ સંખ્યા: ૩૨૫**
**લાભાન્વિત નાગરિકોની સંખ્યા: ૩,૫૦,૦૦૦**

REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: **'શિશુવિહાર'**
SBI નેટબેન્કિંગ એકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY

UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

**Shishuvihar Bhavnagar** **Shishuvihar Bhavnagar**
**Shishuvihar** **Shishuvihar**

પરામર્શ સમિતિ
સર્વશ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબહેન ગોહેલ, મનિષા કણબી, ભાવનાબહેન પંડયા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAK M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN: 364001. (GUJARAT) INDIA